वर्ष : २०   सने : २०२२   सं.२०७८
अंक : ३,  સળંગ અંક-१२४  आसोज-अक्तूम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૮

અંક : ૩ આસો-ઓક્ટોબર સળંગ અંક-૧૨૪

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ અહો નવકાર

★ માર્ગદર્શક ! મને ...

★ જ્ઞાન, જ્ઞાની - ૩

★ પત્ર


## આર્ષવાણી

**विणओ सासणे मूलं,**

**विणीओ संजओ भवे ।**

**विणयाओ विप्पमुक्कस्स,**

**कओ धम्मो कओ तवो? ।।३४१।।**

જૈન શાસનમાં વિનય એ ધર્મનું મૂળ છે. વિનયયુક્ત આત્મા જ સંયમી બને છે. વિનયરહિત (દુર્વિનીત) આત્મામાં (મૂળ જ ન હોવાથી) તપ કે ધર્મ (સંયમ) ક્યાંથી હોય ?

વિનય સર્વસંપત્તિને પ્રાપ્ત કરાવે છે. વિનીત જીવ યશ અને કીર્તિને પામે છે. દુર્વિનીત આત્મા ક્યારેય પોતાનાં કાર્યોની સિદ્ધિ કરી શકતો નથી.



## ★ અહો નવકાર !!! ★★★

- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

(ગતાંકથી) મહાન આત્માઓ પોતાના અપરાધની ક્ષમા માગવામાં જેમ નમ્ર હોય છે, તેમ સામાના અપરાધની ક્ષમા આપવામાં ઉદાર હોય છે. વળી, તેઓનું દિલ જાત માટે કઠોર વજ્ર જેવું હોય છે, તો અન્ય જીવો માટે કમળ જેવું કોમળ હોય છે. મહાત્માઓનું અનુકરણ કરનારા શ્રાવકો પણ આવા જ સંસ્કારથી પોતાના આત્માને વાસિત બનાવતા હોય છે, ભાવિત કરતા હોય છે. મહાત્માઓની જેમ તેમનું પણ લક્ષ્ય મોક્ષ જ હોય છે, મોક્ષમાર્ગની આરાધનાનાં આ બધાં મહત્ત્વનાં અંગો ગણાય છે. સમતા - સમાધિ - ક્ષમા - ઉદારતા - નમ્રતા - સરળતા - પાપભીરુતા, સિદ્ધાંતનિષ્ઠા, સ્વાધ્યાય, ધ્યાન, સહિષ્ણુતા, મૈત્ર્યાદિ ભાવનાઓથી વાસિત અંતઃકરણ, શ્રદ્ધા, સંવેગ, વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, આત્મરમણતા, અધ્યાત્મલગની, સમિતિ-ગુપ્તિ પ્રત્યેની સજાગતા, વિનય, વિવેક, વિષયોનો વિરાગ અને કષાયોનો ત્યાગ, ગુણોનો અનુરાગ, જિનાજ્ઞાપાલન, જયણા (યતના), ક્ષણે ક્ષણે જ્ઞાનોપયોગ (જાગૃતિ), શરીરાદિ પ્રત્યે નિઃસ્પૃહતા વગેરે ગુણોથી સાધુભગવંતો વાસિત હોય છે. તે માર્ગની પ્રાપ્તિ માટે શ્રાવક લાલાયિત હોય છે. શ્રાવક એટલે સાધુતાનો ઉમેદવાર, જેના દિલમાં સાધુ થવાનાં અરમાન ન હોય તે વાસ્તવિક શ્રાવક કઈ રીતે કહેવાય ?

**વ્યાપારીને ધનવાન બનવાની કામના હોય છે, તો ધર્માત્માને ગુણવાન બનવાની પ્રબળ કામના હોય છે.**

રાજા દધિવાહનનાં નમ્ર અને પશ્ચાત્તાપ યુક્ત વચનો સાંભળી સુદર્શનનું દયાળું હૃદય વિશેષ દયાર્દ્ર બની ગયું. પાપ અને દોષનો ભય જાગે - એ ગુણના માર્ગે આગળ વધવાની લાયકાત સૂચિત કરે છે. આવી યોગ્યતા રાજામાં જોવાથી સુદર્શનને પ્રસન્નતા પેદા થઈ !

'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ ન્યાયે અહીં શૂળીના થયેલા સિંહાસનાદિના સમાચાર વાયુવેગે નગરમાં ફેલાઈ ગયા ! નગરજનો આ ઘટના જોવા માટે શૂળીના સ્થાને આવવા લાગ્યા. ટોળે ટોળાં ઊમટવાં લાગ્યાં. હૈયે હૈયું દળાય એટલી પબ્લિક ભેગી થઈ ગઈ ! જાણે કીડિયારું ઊભરાયું...

આ કોઈ જાદુગરે કરેલો જાદુ ન હતો. રોજ એકનો એક જાદુ કરવા છતાં જન-માનસ આકર્ષાઈને સેંકડો-હજારો માનવો જોવા માટે ખેંચાતા હોય ત્યાં જ દૈવી અથવા ધર્મના પ્રભાવે, વગર જાદુગરે સર્જાયેલો ચમત્કાર જોવા માટે કોણ ન

આવે? જાદુગરનો ખેલ તો બીજી-ત્રીજી વાર થતો હોવાથી એક વાર રહી જાય તો ફરી જોવા મળી શકે... પરંતુ આવો ધર્મના યોગે સર્જાયેલો ચમત્કાર તો વારંવાર જ નહીં, બીજી વાર પણ જોવા મળતો નથી ! લાખો-કરોડો વર્ષો પછી આવો ચમત્કાર (વાસ્તવિક ચમત્કાર નહીં, પણ જીવિત પ્રભાવ, તે પણ માનવે કરેલો નહીં, પરંતુ માનવે કરેલી ધર્મ-રક્ષાના પ્રભાવે દેવોએ કરેલો અથવા માનવે ધર્મની શ્રદ્ધા-વિશ્વાસથી-કોઈપણ કષ્ટથી ડર્યા વગર પાળેલા અખંડવ્રતના પ્રભાવે દેઓએ ઊભો કરેલ ચમત્કાર) જોવા મળતો નથી. વાસ્તવિકતા વિચારીએ તો દેવો; ધર્મી જીઓએ પ્રાણના ભોગે સાચવેલા ધર્મના પ્રભાવે ખેંચાઈને વગર બોલાવે પણ ઉપસ્થિત થઈ જાય છે ! કટોકટીના આવા સમયે બાજુમાં રહેલા માનવોને બોલાવો તોય ન આવે... અહીં સંખ્ય - અસંખ્ય યોજન દૂર રહેલા દેવો વગર આમંત્રણે આવીને ઊભા રહે છે. હા, તે દેવો ક્યારેક પ્રત્યક્ષરૂપે તો ક્યારેક પરોક્ષ રૂપે આવતા હોય છે. ભિન્ન-ભિન્નરૂપે તેમની હાજરી અનુભવાય છે. જ્યારે પણ આવે છે ત્યારે મૂળરૂપે કે મૂળ શરીરે નહીં, ઉત્તરવૈક્રિય શરીરે આવે છે.

દેવો આવે છે તે શરીરના સંબંધથી આવે છે, એવું નથી. શરીરના સંબંધથી આવતા હોય તેમાં પણ માત્ર પૂર્વભવનો સંબંધ જ કામ નથી આવતો. જીવનું પુણ્ય એમાં પ્રબળ કારણ છે. ભૌતિક અઢળક સુખો વચ્ચે જન્મેલા - રહેલા દેવો ત્યાંની સુખ-સગવડો છોડી દુર્ગંધયુક્ત (જેની દુર્ગંધ ૪૦૦-૫૦૦ યોજન ઊંચે સુધી જાય છે!) માનવલોકમાં શું કામ આવે ? એક-બીજામાં સંક્રાંત થયેલા દિવ્યપ્રેમવાળા જીવો; બિન ભરોસાપાત્ર સંબંધમાં રસ ક્યાંથી ધરાવે ? વર્તમાન જન્મમાં બંધાયેલા સંબંધોને ગૌણ કરી ભૂતકાળના સંબંધોમાં કઈ રીતે આકર્ષાય ? ત્યાંનો પોતાનો સુગંધી, રોગરહિત, સ્વરૂપવાન દેહ ક્યાં ને દુર્ગંધથી ભરેલો, રોગની પીડા અનુભવતો, રૂપવગરનો અથવા હલકા રૂપવાળો માનવ-દેહ ક્યાં ? દિવ્ય ભોગોમાં લિપ્ત થયેલા તે દેવોને માનવભવના સંબંધો કે દેહમાં આનંદ ન જ હોય.

શાલિભદ્રના જીવનમાં ડોકિયું કરવાથી ખ્યાલ આવશે કે - ગોભદ્ર શેઠ (શાલિભદ્રના પિતા) નો જીવ દેવલોકમાં ગયો છે.તે શાલિભદ્રને રોજની દેવતાઈ કપડાં - ઘરેણાં અને ખાન-પાનની સામગ્રીની ૩૩+૩૩+૩૩=૯૯ પેટી, બાપ - દીકરાના સંબંધથીનહીં, દાનધર્મના યોગે બાંધેલાં - વિશિષ્ટ પુણ્યના પ્રભાવે પહોંચાડતો હતો ! બાકી તો બાપ-બેટાના સંબંધોવાળા ઘણા જીવો દેવલોકમાં હોય છે. કોઈને એક-બે પેટીઓય રોજ કે ક્યારેક મોકલે છે કે ? તે દેવો સામે જોવા કે વાત કરવાય આવે છે કે ? 'હું દેવલોકમાં ઉત્પન્ન થયો છું, મારી પાછળ શોક ન



કરશો' એટલું જણાવવા કે શોકગ્રસ્ત તે જીવોને આશ્વાસનનાં બે વાક્યો કહેવાય આવે છે ખરા ?

ક્યારેક અમુક પ્રકારના અપરાધોની સજા કરવાય દેવો પૃથ્વીતલ પર આવતા હોય તેવું ઇતિહાસમાં જાણવા મળે છે. આનો અર્થ એવો થયો કે રાગના કારણે જેમ દેવો આવે છે, તેમ દ્વેષાદિની પ્રેરણાથી પણ તેઓ આવે છે. પૂર્વભવના વૈર-દુશ્મનાવટના ભાવથી આવીને હેરાન પણ કરવા આવતા જણાય છે. માટે જ કહેવાય છે કે - **દુશ્મન ચાલ્યો જાય છે પણ દુશ્મનાવટ જતી નથી, તે સાથે આવે છે.** કમઠ મરીને મેઘમાળી દેવ થયેલા તેણે દુશ્મનાવટના કારણે જ શ્રીપાર્શ્વનાથ ઉપર (દીક્ષા જીવનમાં) ઉપસર્ગ કર્યો હતો.

ક્યારેક પુણ્યશાળી - ધર્મી અને પાપીનો પરિચય કરાવવા માટે દેવો આવે છે. અર્થાત્ ગુણવાન કોણ છે ને દોષિત કોણ છે, તેની જાણકારી આપવા માટે દેવોનું આગમન થાય છે. ક્યારેક આપત્તિમાં આવેલા જીવોને આપત્તિમાંથી ઉગારવાય દેવ-દેવીનું આગમન થાય છે. શ્રીપાળરાજા, સિદ્ધસેન દિવાકર સૂરિજી મ., સતી સુભદ્રા વગેરેનાં અનેક દૃષ્ટાંતો આ વાતનો પરિચય આપે છે.

ભેગી થયેલી માનવ મેદનીની નજર ભાગ્યશાળી ધર્માત્મા સુદર્શન તરફ સ્થિર થઈ છે. પૂરી ઘટના બનવા પાછળ તેમના વ્રતનો પ્રભાવ-પ્રતાપ જણાઈ રહ્યો છે. તેમનાં તેજ-પ્રતાપ-કિરણોની આભામાં લોક અંજાયેલા છે. બધાની મીટ ત્યાં જ મંડાયેલી છે. ચમત્કાર એવો અસામાન્ય હતો કે - સામાન્ય માનવીથી રાજા સુધી સૌને આશ્ચર્યકારક લાગ્યો ! ઘટનાઓ તો જગતમાં રોજ-બરોજ બનતી જ હોય છે. તે ઘટનાઓ સામાન્ય હોય છે, તેથી તે તરફ લોકોનું તેટલું લક્ષ્ય નથી હોતું. ક્યારેક જ બનતી અસાધારણ ઘટના દરેકનું ધ્યાન ખેંચે છે. આવી ઘટનાઓ જાહેરાત વગર પણ તે વાયુવેગે ફેલાઈ જઈ કર્ણોપકર્ણ પહોંચી જાય છે ! જનમાનસ પર તેની એવી અસર થાય છે કે તમામ કાર્યો છોડી જીવો તે જોવા દોડી જાય છે.

આવેલી જન-મેદનીમાં ચર્ચાનો દોર એ જ ચાલી રહ્યો છે કે - શું થયું ? ભેગી થયેલી જનતાનાં મનમાં ઉત્સુકતા છે. હવે શું થશે ? અપેક્ષાએ વિચારીએ તો એવી ક્ષણો છે કે - જો ઇચ્છે તો સુદર્શન શેઠ રાજાને દોષિત ઠરાવી પ્રજા દ્વારા સજા આપી શકે. સજા આપનારાને જ સજા ભોગવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. રાણી તો પોતાનું મોં બતાવવાય લાયક ક્યાંથી રહે ? હવે તો મોતની તલવાર અભયારાણી પર લટકતી હોય તેવું પ્રજાજનોને દેખાઈ રહ્યું છે. રાજા અને પ્રજા : સૌને રાણી તરફ ફિટકાર અને તિરસ્કારની ભાવના પેદા થઈ ! સુદર્શનની નિર્દોષતા સાબિત

કરવા હવે કોઈ પુરાવા વગેરેની જરૂર રહી નથી. નથી હવે ઝાઝી પૂછ-પરછની આવશ્યકતા.

રાજાએ તો મહાત્મા સુદર્શન પાસે પોતાના અપરાધની ક્ષમા માંગી લીધી છે. હવે સુદર્શનની પ્રતિક્રિયા જોવા સૌ ઉત્સુક છે. સહુ એ જાણવા આતુર છે. આવી આતુરતાનો અંત લાવતાં સુદર્શન શેઠે સૌનાં સાંભળતાં રાજાને કહ્યું : હે રાજન્! સર્વજીવો પોતાનાં ઉપાર્જેલાં કર્મોનું શુભાશુભ ફળ ભોગવે છે. છતાં તેમાં નિમિત્ત બનનાર વ્યક્તિ ; પોતાના અંતઃકરણની ન્યૂનાનાધિક ક્રૂરતા પ્રમાણે નવાં કર્મો વધારે-ઓછાં ઉપાર્જે છે. તે કર્મોપાર્જન કર્યાબાદ વાસ્તવિકતાની (સત્યવાતની) જાણકારી મળ્યા બાદ પશ્ચાત્તાપ કરવાદ્વારા અજાણતાં બાંધેલાં એ પાપોથી પ્રાયઃ મુક્ત પણ થાય છે. જે બનવાનું હતું તે બની ગયું... હવે તે વાતમાં ક્યાંય શંકાને સ્થાન રહ્યું નથી. ઊંડા ઊતરીને તપાસ કરવા જેવું બચ્યું નથી. મારા દિલમાં તમારા તરફ કોઈપણ પ્રકારનો રોષ કે દ્વેષ નથી. તમે તો પ્રજાના રક્ષક અને પાલક છો. મારા તરફથી તમે નિશ્ચિંત બની જાઓ. તમારા હૃદયમાં એવો કોઈ અંદેશો રાખશો નહીં!

પ્રજાના ધર્મકાર્યમાં સહાયતા માટે તમારી ધર્મભાવના કાયમ જ્વલંત રહો, એવું ઈચ્છું છું. તમે હંમેશા વિજયવંત અને કર્તવ્ય - પરાયણ બન્યા રહો, એવી સદ્ભાવના રાખું છું. પ્રજાના અભ્યુદયના આશીર્વાદ મેળવતા રહો, એવી મારી ખ્વાહિશ છે.

રાજાને અંતરમાં ડર હતો પરંતુ આવાં-મલમપટ્ટા જેવાં - ઠારનારાં, શીતલ-અમૃતતુલ્ય વચનો સાંભળી ડર ભાગી ગયો. સુદર્શનનાં વચનોમાં માનવજન્મને સફળ બનાવવા માટે, પાપકર્મોથી બચવા માટે, શુભકર્મોનાં ઉપાર્જન માટે ભરપૂર સત્પ્રેરણા છલકાતી હતી. શેઠ પોતે પણ સરળ, નિર્દંભ, નિરભિમાની છે. ધર્મથી વાસિત અંતઃકરણવાળા છે. 'યતો ધર્મસ્તતો જયઃ' એ સુભાષિતના આધારે વિચારીએ તો જ્યાં ધર્મ હોય ત્યાં વિજય માટે ઝાઝો પ્રયત્ન કે સંઘર્ષ કરવો પડતો નથી. જય-વિજય પ્રાપ્ત થઈ જ જાય છે. હા, ક્યારેક થોડાક સમય માટે 'ધર્મીને ઘેર ધાડ' જેવી સ્થિતિ જોવા મળી જાય.... પરંતુ ધૈર્ય ધારણ કરવાથી વિપત્તિ પણ વિખરાઈ જાય છે ! એ વિપત્તિનાં વાદળોમાંથીય સંપત્તિનો વરસાદ વરસે છે. એ આપત્તિ ધર્મીજીવની પરીક્ષા માટે હોય છે. તેમાં પાસ થનારો જીવ પ્રગતિ સાધે છે. મોક્ષની મંજિલ તરફ આગળ વધે છે. વર્ષ પૂરું થયે વિદ્યાર્થીની પણ પરીક્ષા લેવાય જ છે ને ?



ધર્માત્મા માત્રની મન-વચન-કાયાની પ્રવૃત્તિ સ્વ-પર હિતકારી હોય છે ! તેમનાં દિલના ખૂણામાંય કોઈનું અહિત કરવાની દુષ્ટભાવનાને જગ્યા નથી મળતી. **એવી અશુભભાવનાને ભાડુઆત તરીકેય જગ્યા ન મળે ત્યાં માલિક બનીને રહેવાની તો વાત જ ક્યાં આવે ?** દુશ્મન પ્રત્યેય દુર્ભાવ ધર્માત્માને હોતો નથી. દિલમાં દુષ્ટ ભાવના હોય તો જ દુર્વચનો કે દુષ્પ્રવૃત્તિ થવાની સંભાવના ઊભી થાયને ? **સજ્જન મુખમાં મધુરી જ ભાષા હોય !** દુર્જનની ભાષામાં મીઠાશ જોવા મળે તો સમજવું કે - આમાં કાંઈક સ્વાર્થ વગેરેની દુષ્ટ ભાવના છુપાયેલી હશે. સજ્જન તો હંમેશા હિતચિંતક હોય છે.

સજ્જનોમાંય શિરોમણિ ગણાતા, શ્રાવકોમાંય પ્રથમપંક્તિમાં આવતા સુદર્શનનાં વચનોથી રાજા અને પ્રજાજનોને આનંદ થયો. જે જે લોકોના માનસ-પટ પર નકારાત્મક વિચારધારા હતી, તેણે વિદાય લીધી ! તમામ લોકો સુશ્રાવક-સુદર્શન શેઠ પર અહોભાવ-સદ્ભાવવાળા બની ગયા. સહુના દિલમાં આ મહાન આત્માની પ્રતિષ્ઠા થઈ ગઈ ! મતલબ, સૌનાં હૃદયમાં સુદર્શન શેઠ વસી ગયા. શેઠે પોતાનું સ્થાન બનાવી લીધું. ગામમાં રહેલા પુતળાનું, ઘરની દિવાલ પર રહેલી છબીનું કે ઘરમાં રહેલા પારિવારિક સભ્યનું પણ લોકદિલમાં સ્થાન-માન કેટલું હોય છે, તે એક સવાલ છે, ત્યાં એક સામાન્ય શેઠ ગણાતા કે સહુના સગા-વ્હાલા ન હોવા છતાં, તેમનું નગરવાસીઓનાં દિલમાં વસવું શું આસાન છે ? જે માનવમાં માનવતા, ધાર્મિકતા, વ્રતની દૃઢતા, ઈમાનદારી (સજ્જનતા) વગેરે હોય તે જ આવી સિદ્ધિ હાંસલ કરી શકે.

**લોકોને પોતાના હૈયામાં વસાવવા અને લોકહૈયામાં પોતે વસવું : આ બંને કાર્યો દુષ્કર છે. લોકોને પોતાના હૃદયમાં સ્થાન આપવા માટે દિલમાં અપાર કરુણાની જરૂર પડે છે. તો જ તમામ જીવોના ગુણ-દોષને તે જીવ પચાવી શકે ! દુશ્મનનેય પોતાના હૃદયમાં તે જ સ્થાન આપી શકે, જે તેના બાહ્ય જીવનને નહીં, ભીતરમાં રહેલા વિશુદ્ધ જીવતત્ત્વને જોઈ શકે. બીજાના દોષોને માફ કરી શકે. લોકહૈયામાં વસવા માટે પહેલાં તો પોતાના અંતઃકરણને શુદ્ધ-મૈત્ર્યાદિ ભાવનાઓથી વાસિત બનાવવું પડે છે. શરીરના સીધા સંબંધમાં આવતા અને તમારા જ આધિપત્ય નીચે જીવતા જીવોનાં હૃદયમાંય ન વસી શકનારો ; આમ-જનતાના દિલમાં ક્યાંથી સ્થાન જમાવી શકે ? કાચિંડાની જેમ ક્ષણે-ક્ષણે રંગ બદલતો જીવ પત્ની-માતા-પિતા-પુત્રાદિના ચિત્તમાં ક્યાંથી લાંબો સમય રાજ્ય કરી શકે ? અર્થાત્ તેવો જીવ પરિવારના દિલથીય અલ્પ સમયમાં બહાર ફેંકાઈ જાય છે ! ત્યાં બીજાની તો વાત કઈ રીતે કરી શકાય ?**

સુદર્શન શેઠે તો નગરવાસી જીવો અને રાજાદિ સૌનાં દિલનો કબજો લઈ લીધો ! હા, ક્યારેક એવું પણ જોવા મળે કે - ભગવાનનું સ્થાન સહુનાં દિલમાં ન હોય... કારણ તે ભગવાન હોવા છતાં જેના મનમાં મિથ્યાત્વ છે, ધર્મ અને ધર્મીજીવો પર દ્વેષ ભાવ હોય, ભગવાનને ભગવદ્રૂપે ઓળખવા માટે તેવો વિશિષ્ટ ક્ષયોપશમ (જ્ઞાન) ન હોય, ભગવાનના ગુણોને ઓળખી તેના ઉપર શ્રદ્ધા ઊભી થવા દેનારી આસ્થા (સમ્યગ્દર્શન) ન હોય... તો તેના હૃદયમાં ભગવાનનો વાસ ન થાય... પરંતુ પ્રત્યક્ષ દેખાતી વ્યક્તિ અને એની સજ્જનતા વગેરે ગુણોની પ્રતીતિ થવાના કારણે તે વ્યક્તિ આવા પુણ્યશાળીનેય પોતાના દિલમાં સ્થાન આપી દે છે !

શ્રેષ્ઠીના ઉમદા વિચારોએ પ્રજાજનોના મનમાં અદ્‌ભુત અસર કરી.

(ક્રમશઃ) ધ

## ★ હે માર્ગદિશક ! મને રાહ બતાવ. ★★★

- ભક્તિમિત્ર

હે જિતમોહ ! તેં તો મોહને સંગ્રામમાં જીતી લીધો છે. હું મોહનો ગુલામ બની જીવી રહ્યો છું ! મહાભારત કે રામાયણનાં મહાયુદ્ધોમાં માનવને જીત મેળવવી સહેલી હોઈ શકે છે... પરંતુ **દુશ્મન તરીકે ન દેખાતા આ મોહ પર વિજય મેળવાનું કાર્ય ઈન્દ્ર-ચક્રવર્તી ગણાતા પ્રચંડ, શારીરિક બળ તથા સૈન્યબળ ધરાવતા જીવો માટેય કઠિન છે, દુષ્કર છે. કારણ, તેને માટે માત્ર શરીરબળ-સૈન્યબળની નહીં, વિરાગબળ અને જ્ઞાનબળ જરૂરી છે.** આવાં બળો સાથે હું શીઘ્ર મોહવિજેતા બનું એવી તીવ્ર તમન્ના છે. રાગાદિને પરવશ બનેલા જીવો આ મોહરાજાના ગુલામ બની જાય છે. એમાં ઇન્દ્રાદિ દેવો-અસુરો-વિદ્યાધરો પણ બાકાત નથી. સામાન્ય માનવ તો ત્યાં ઘુંટણિયાં જ ટેકવી દે; તેમાં નવાઈ નથી.

હે નીરોગી ! આપનો દેહ રોગોથી અસ્પૃશ્ય હતો. ઉપસર્ગ અને પરીષહ સ્વરૂપે ભલે અશાતાવેદનીય કર્મનો ઉદય હતો... તેના યોગે કષ્ટો આવ્યાં... પરંતુ રોગરૂપે કોઈ જ પીડા આપના જીવનમાં, અંતિમ ભવમાં નહોતી. અલબત્ત, આપના શરીરમાં દ્રવ્યરોગ (શારીરિક બિમારી) ન હોવામાં તીર્થંકરનામકર્મ અને સાતિશય પુણ્ય જવાબદાર છે. ભાવરોગ સ્વરૂપે જ્યારે તેવાં પ્રકારનાં અશુભકર્મો હોય તો જ દ્રવ્યરોગ શરીરને ઘેરો ઘાલી શકે છે. કાશ ! સંયમ, તપ વગેરે સાધના ભાવરોગને નષ્ટ કરવા માટે છે. ભાવરોગની સારવાર રૂપે છે. ભાવરોગ (પાપકર્મો) નષ્ટ થઈ ગયા પછી દ્રવ્યરોગ (શારીરિક બીમારી) ડોકાતા જ નથી ! હે ધન્વંતરી !



આપ તો અમારા ભાવરોગ (આત્મામાં રહેલી પાપકર્મરૂપી ગંદકી) ના નિદાન કરનારા અને અમોઘ ઔષધ બતાવી નીરોગી બનાવનાર વૈદ્ય છો. હા, નિદાન અને ઉપચારનું માર્ગદર્શન આપ્યા બાદ દવા અને પથ્યપાલન તો અમારે જ કરવાનું છે. તારી એક-એક આજ્ઞા અમોઘ ઔષધરૂપે છે. કાયાકલ્પ કરનાર છે. અતિચાર રહિત આજ્ઞાપાલન એ રામબાણ ઉપાય છે, તમામ આધિ-વ્યાધિ-ઉપાધિરૂપી શારીરિક-માનસિક દરેક દુઃખોથી મુક્તિ અપાવનાર છે.

હે તીર્થપતિ-તીર્થંકર ! હૃદયમાં રહેલા ભાવકરુણાના ખજાના સાથે થયેલી પૂર્વના ત્રીજા ભવની સાધના-વીશસ્થાનકની તપ - સંયમપૂર્વક કરેલી આરાધનાની સફળતારૂપે આપે તીર્થંકર નામકર્મ બાંધવા - નિકાચવાની ક્રિયા કરી ! એ 'સરાગ સંયમને' પણ ધન્ય છે. એ પ્રશસ્ત રાગના પ્રભાવે જ આપ તીર્થપતિ - તીર્થંકર બન્યા ! તીર્થની પ્રાપ્તિ દ્વારા સંખ્ય - અસંખ્ય જીવો આપના તુલ્ય (સિદ્ધ) બન્યા - બનશે. તે માટે અસાર સંસારને અલવિદા કરી એ જીવો વિરાગના ઉદ્યાનમાં મ્હાલતા થયા. **વિરાગતાની સરહદ ઉલ્લંઘતાં જ તેઓ વીતરાગતાના પ્રાંગણમાં પધારી ગયા. ! વીતરાગપણાના આવિષ્કારમાં વિરાગનો મજબૂત પાયો જ જવાબદાર હોય છે. સંસારનો ભૌતિક રાગ તૂટ્યા વગર વિરાગ ન આવે, વિરાગની ભૂમિ પરથી વીતરાગતા તરફ ઉડાન ભરાય છે !** વીતરાગતા આવ્યા બાદ (૧૧ મા ગુણસ્થાનને છોડીને) પુનઃ રાગની આગમાં જીવને દાઝવાનું થતું નથી. પછી તો એ જીવ સહજ-આનંદને જ લૂંટતો હોય છે. પોતાના આત્મ-ગુણોની જ મજા માણતો હોય છે.

હે શિવ-અચલ-અરુજ-અનંત સ્થાન પ્રાપ્ત ! આપ જ્યાં સાદિ અનંત ભાંગે જઈ વસ્યા છો, એવું સિદ્ધશિલાનું સ્થાન ઉપદ્રવરહિત છે. ઈતિ-ભીતિ-ઉપદ્રવનું નામ-નિશાન ત્યાં નથી. શુદ્ધ સ્વરૂપમાં રહેલા આત્માને ઉપદ્રવ ક્યાંથી હોય ? દોષ - દુર્ગુણ - દુષ્કર્મ હોય ત્યાં ઉપદ્રવ હોય ને ? કાશ ! ત્યાં એકેન્દ્રિય જીવો છે પણ તે તારા આત્માને રંજાડી શકતા નથી. સંસારી જીવો ત્રણ લોકમાં ગમે ત્યાં હોય... દુઃખ-પીડા-ઉપદ્રવ હંમેશા હોય છે ! અમારા જીવનમાં જીવ અને જડદ્વારા સતત ઉપદ્રવ - ત્રાસ ચાલું જ હોય છે. **મનપસંદ જીવ પણ કર્મયોગે ઉપદ્રવી બને છે.** પસંદ કરેલી પત્ની, પસંદ કરીને રાખેલો નોકર, પરીક્ષાદિ કરીને બાંધેલો ભાગીદારનો કે શેઠનો સંબંધ.. પણ પીડાદાયક બનતો હોય ત્યાં વગર પસંદ કરેલા (કર્મયોગે પ્રાપ્ત થયેલા) પુત્ર-ભાઈ, માતા-પિતા, મામા-મામી, કાકા-કાકી વગેરે

સંબંધો દર્દ માટે થાય તેમાં નવાઈ નથી.!

હે માર્ગદિશક ! જન્મપત્રિકા, ગ્રહ-રાશિ-નક્ષત્ર, નાડી-ગણવૈર, યોનિવૈર, ગુણાંક વગેરે મેળવવા છતાં એ પતિ-પત્ની એક-બીજા માટે ઉપદ્રવી બને છે, તો જ્યોતિષના કે પરિચયના દાયરામાં ગયા વગર મળેલા-મેળવેલા સંબંધોમાં ખટાશ કે કડવાશ આવે એ કોઈ અસંભવ કે આશ્ચર્યકારી ઘટના નથી. **પ્રત્યક્ષ વ્યક્તિને ઓળખવામાં થાપ ખાય તે પરોક્ષ કર્મને ઓળખવામાં ક્યાંથી સફળ થઈ શકે ?** સંખ્ય-અસંખ્યકાળ પૂર્વે બાંધેલાં એ કર્મોને અજ્ઞાની કે અલ્પજ્ઞાની જીવ ક્યાંથી ઓળખી કે સમજી શકે ? વળી, આવા કર્મયોગે આવતા નાના-મોટા, સહ્ય-અસહ્ય દુઃખો (ઉપદ્રવો) માં સમાધિ તો રહેતી નથી. **સંસાર(દુનિયા)માં રહેલા તમામે તમામ જીવોને દુઃખોથી કણસતા, હાય-વોય કરતા, ચીસો પાડતા, નિસાસા નાંખતા, હતાશ બનતા જોયા પછી પણ અમને સદ્‌વિચારો નથી આવતા.. અમારી આંખો નથી ઊઘડતી. શાન ઠેકાણે નથી આવતી. અંધાપો નથી જતો. મોહનો નશો નથી ઊતરતો.** હે ભગવાન ! અમારું શું થશે ? રાગના વિવિધ રંગો અમને આકર્ષિત કરીને ઊંડી દુઃખ-ગર્તામાં ધકેલી દે છે !

હે નિર્મોહી ! આ મોહનું અંજન કયા રંગનું છે ? તે પણ નથી સમજાતું ! જ્ઞાનના અંજન વગર આ મોહ દેખાય તેમ નથી. મોહ અમારો પીછો છોડતો નથી, એમ કહેવા કરતાં અમે જ દુઃખદાયી હોવા છતાં મોહમદિરાના કેફ (નશા) ના કારણે જ એ મોહરાજાનાં ચરણો પકડ્યાં છે, એમ કહેવું વધું ઉચિત લાગે છે. આ **મોહરાજા નરી આંખે દેખાતો નથી. એ માટે તો શાસ્ત્રવચનો-જ્ઞાનદૃષ્ટિ જરૂરી છે. સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં જ એની ઓળખ થઈ શકે,** મિથ્યાત્વના અંધકારમાં એ ન તો દેખાય કે ન તેનો વાસ્તવિક દુશ્મન તરીકેનો પરિચય થઈ શકે. મિથ્યાત્વની હાજરીમાં તો કદાચ તે મિત્ર અથવા હિતકારી લાગે તો નવાઈ નહીં ! **મિથ્યાત્વને તે જ કારણે અંધકાર કહી શકાય કાં તો અંધાપો કહી શકાય.**

હે ચરાચર જગત રક્ષક ! આપ સ્વયં સંપૂર્ણ સુરક્ષિત છો, સાથે ત્રસ-સ્થાવર તમામ જીવસૃષ્ટિના રક્ષણહાર છો. અલબત્ત, અશરીરી આપને સંરક્ષણની આવશ્યકતા જ નથી હોતી. સુરક્ષાની અપેક્ષા શરીરધારીને જ હોય છે. તેથી જ શરીરધારી ઈન્દ્રાદિ કે ચક્રવર્ત્યાદિને પણ સંરક્ષણ માટે આત્મરક્ષક લાખો કે હજારો દેવોની જરૂર પડે છે. સિદ્ધાવસ્થામાં કોઈપણ જીવને સુરક્ષા માટે ક્યારેય કોઈની જરૂર પડી નથી. શુદ્ધ આત્મદ્રવ્યમાં લૂંટાવા જેવું કે મરવા જેવું હોતું જ નથી. સંરક્ષણની જરૂર દ્રવ્યપ્રાણવાળાને તથા પૌદ્‌ગલિક સંબંધોવાળાને હોય છે. તેથી જ તો



દ્રવ્યપ્રાણમાં ખામીઓ સર્જાય છે. **શુદ્ધાત્માને માત્ર ભાવપ્રાણ જ હોવાથી તેમાં ક્યારેય ખામી સર્જાતી નથી કે પરિવર્તન આવતું જ નથી !** પ્રભો ! પરિવર્તનશીલ દ્રવ્યપ્રાણ અને પૌદ્‌ગલિક પદાર્થોથી મને શીઘ્ર છોડાવો, મુક્ત કરો.

હે મહાન સત્ત્વશાળી ! તિર્યંચોમાં સાત્ત્વિકતાના યોગે સિંહનાં વખાણ થાય છે, તેમ માનવોમાં તારાં વખાણ થાય છે. તારી સાત્ત્વિકતા ટોચ કક્ષાની - સર્વોચ્ચ છે. એ સત્ત્વગુણની હરિફાઈ કરનારા જગતમાં આજ સુધી કોઈ પાક્યો નથી. **સત્ત્વશાળીને સિદ્ધિ મેળવવામાં ઝાઝો સમય લાગતો નથી. સાત્ત્વિક વ્યક્તિ આધિ-વ્યાધિ-ઉપાધિ-ઉપસર્ગ-પરિષહ-અપમાન વગેરે ગમે તેવાં કષ્ટો આવે તોય ઝૂકતો નથી.** હે સત્ત્વશિરોમણિ ! મને પણ નિઃસત્ત્વ મિટાવી સાત્ત્વિક બનાવો. કર્મોનાં ભયંકર વાવાઝોડામાંય સાત્ત્વિક જીવ અડિખમ રહે છે. આ સાત્ત્વિકતા સાથે જ્યારે વૈરાગ્યનું મિલન થાય છે ત્યારે વિજય-વરમાળા સામે ચાલીને વરવા આવી જાય છે. **સાત્ત્વિકતા તો ઘણા ગુણોની જનની ગણાય છે. અન્ય ગુણો ભમરાની જગ્યાએ છે, તો સત્ત્વગુણ કમળની જગ્યાએ ગણાય છે. કમળ જેવા આ સત્ત્વગુણની સુવાસ ભમરા જેવા અન્ય ગુણોને આકર્ષે છે !**

હે સુગૃહીત નામધેય ! જગતમાં એવા પણ કંજૂસ વગેરે દોષ-દુર્ગુણવાળા (તેવા પ્રકારના પાપના ઉદયવાળા) જીવો હોય છે કે, જો સવારે - સવારે તેમનું નામ લો કે સાંભળો તો ખાવાનાંય સાંસાં પડે... દિવસ ઉદ્વેગપૂર્ણ પસાર થાય... પ્રસન્નતા છિનવાઈ જાય. શોક અને સંતાપથી જીવ સંતપ્ત થાય... જ્યારે હે પ્રભુ! આપના પવિત્ર નામનું સ્મરણ - શ્રવણ સવારે થઈ જાય તો આખો દિવસ પ્રસન્નતાવાળો બની જાય. જ્યાં જ્યાં જાઓ ત્યાં ત્યાં સકારાત્મક પરિણામ સાંપડે. જંગલમાંય મંગલ થઈ જાય. ઈષ્ટાર્થની પ્રાપ્તિ થાય. અનિષ્ટો તમામ પલાયન થઈ જાય. કપરાં ચઢાણ પણ સરળ બની જાય. પાપો પલાયન થઈ જાય. પુણ્યની પુષ્ટિ થાય. સૃષ્ટિ સાનુકૂળ બને. તારા નામની સાથે તારા ગોત્રનું નામ પણ વિશિષ્ટ પ્રભાવસંપન્ન છે. તેના સ્મરણથી પણ કંઈક જન્મોનાં પાપો ધોવાઈ જાય છે !

હે પરમ આપ્ત પુરુષ ! આપ તો અતિ વિશ્વસનીય છો. સાધનાના પરિણામરૂપ અનુભૂત વસ્તુવાળા એટલે કે પ્રમાણભૂત વ્યક્તિ છો. માતા-પિતાદિ સગાંવ્હાલાં કરતાં વધુ નજીકના, લાગણીશીલ, કરુણાસભર, વાત્સલ્યના મહાસાગર, વિશ્વાસપાત્ર આપ્તપુરુષ છો. આપને તો સર્વજીવો પ્રત્યે કરુણા-વાત્સલ્યનો ભાવ હોય છે, ભલે તેમાંના કેટલાક આપને દુશ્મન ગણતા હોય... કેટલાક જીવો આપના પ્રત્યે વિશેષ અહોભાવ-બહુમાન ન પણ ધરાવતા હોય...

અરે ! નિગોદ વગેરેથી લઈ તમામ એકેન્દ્રિયજીવો, બેઇન્દ્રિયજીવો, તેઇન્દ્રિયજીવોને તો આંખ જ ન હોવાથી આપને જોઈ શકતા જ નથી. વળી, મિથ્યાત્વના ઉદયવાળા જીવો આપને જોવા છતાં ક્યારેક દ્વેષ ધરાવે છે, તો મંદમિથ્યાત્વવાળા જીવો પણ ભક્તિભાવ તો ધરાવતા નથી. માત્ર સમ્યગ્દર્શન પ્રાપ્ત જીવો જ આપના પ્રત્યે ભક્તિના ભાવથી ભરેલા હૃદયવાળા હોય છે. અલબત્ત, તે જીવો તો ખરા અર્થમાં આપને આપ્ત = પોતાના માને છે.

હે લોક પ્રદ્યોતકર ! જગતમાં રહેલા સૂર્યની શક્તિ ; પોતાના દ્વીપસમુદ્ર કે ક્ષેત્રમાંય પૂરો પ્રકાશ પાથરવાની નથી. જંબૂદ્વીપમાં બે-બે સૂર્ય હોવા છતાં કેટલોય પ્રદેશ અંધકારમય હોય છે. ત્યારે જ 'રાત્રિ' બને છે. જ્યાં દિવસ હોય છે, ત્યાં પણ ઘણો પ્રદેશ એવો છે કે ત્યાં સૂર્યનાં તેજ ફેલાવનારાં કિરણો પહોંચી શકતાં નથી. વળી, ભોંયરા-ગુફા વગેરેને તો તે ક્યારેય અજવાળું આપી શકતા નથી. ત્યાં અન્ય પ્રકાશનો આશ્રય લેવો પડે છે. તે ઉપરાંત અલોકમાં તો ક્યારેય કોઈપણ સૂર્યનો પ્રકાશ જઈ શકતો નથી. સૂર્ય તો માત્ર (અસંખ્ય સૂર્ય હોવા છતાં) મધ્યલોક-તિર્ચ્છાલોકને જ પ્રકાશિત કરવાનું સામર્થ્ય ધરાવે છે. પાતાળલોક અંધકારમય છે. તો ઊર્ધ્વલોક યાને દેવલોક વગેરેમાં રત્નોનો પ્રકાશ છે, સૂર્યનો નહીં. પ્રભો ! તું તો એક જ હોવા છતાં અસંખ્ય સૂર્ય (ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા) કરતાં વધુ પ્રકાશ પાથરે છે. લોક-અલોક : બધા જ ક્ષેત્રને કેવળજ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કરે છે. મતલબ, ઓળખાવે છે ! આવી વાસ્તવિક - સાચી ઓળખ તને બાદ કરીએ તો જગતમાં કોઈ કરાવવા સમર્થ નથી. આ પ્રભાવ, પારદર્શી, લોકાલોક પ્રકાશક, ત્રણેકાળના તમામ જીવ-અજીવના પર્યાયો એક સાથે જોતા-જાણતા કેવળજ્ઞાનનો જ છે.

હે જગદાનંદ દાતા ! જગતના જીવોને આનંદ જ જોઈએ છે, એમાં બેમત નથી. સામે પક્ષે વાસ્તવિકતા એ પણ છે કે - જગતના જીવો અજ્ઞાનના ઘોર અંધકારમાં અને મોહ-માયાનાં ગૂઢ આવરણોને કારણે ; આનંદ ક્યાં છે? આનંદનું સાચું સરનામું ક્યાં છે ? એ આનંદ જગતમાંથી મળે છે કે જાતમાંથી મળે છે ? આનંદને મેળવવા કઈ દિશામાં, કયો પુરુષાર્થ કરવો ? વગેરે જાણતા નથી. તે જ કારણે એ બિચારા (!) જીવો જગતમાં દેખાતાં પુદ્ગલોમાં અટવાઈ જાય છે. પરિવર્તનશીલ પુદ્ગલો ક્યાંથી સુખ આપી શકે? જેનાથી જીવ બંધાય છે, જકડાય છે, ભૂલ-ભુલામણીમાં અટવાય છે, દુઃખના ઊંડા ઊંડા ખાડાઓમાં - ખીણોમાં



પટકાય છે... તેમાં સુખ માની તેની પાછળ રાત-દિવસ પુરુષાર્થ કરે છે. આવી મોહ મૂઢતાના યોગે જ અમે પણ અનંતકાળ કાઢ્યો. હજી કેટલો કાળ નીકળશે, તેની ખબર નથી પરંતુ તારી કૃપાનજર થશે, તારા ખોળામાં મારું મસ્તક હશે તો મને આત્મવિશ્વાસ છે કે - સાત - આઠથી વધારે ભવ હવે સંસારમાં ભટકવું નહીં જ પડે! ધ

## ★ જ્ઞાન, જ્ઞાની - 3 ★★★

- **શ્રીધર્મમિત્ર**

જ્ઞાનાષ્ટકની બીજી ગાથા પર નજર કરી, તેની વિચારણામાં આગળ વધીએ. આ ગાથામાં ગ્રંથકાર ભગવંતે ખૂબ જ મહત્ત્વની વાત કરી છે. ઉત્કૃષ્ટ જ્ઞાન કોને કહેવાય, તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

**निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।**

**तदेव ज्ञानमुत्कष्टं, निर्बन्धो नास्ति भूयसा ।।२।।**

**ભાવાર્થ :** મોક્ષના સાધન (કારણભૂત) એક પણ પદની વારંવાર ભાવના થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ ગણાય. ઘણું ભણવાનો આગ્રહ નથી.

ગમે તેટલું ભણ્યા પછી પણ જો મોક્ષ જ યાદ આવતો ન હોય, એ જ્ઞાન મોક્ષનું સાધન (કારણ) ન બનતું હોય તો તેવા ભણતરનો કોઈ અર્થ નથી. જગત વિદ્વાન કહે, પંડિતજનોની શ્રેણિમાં ગણના થાય તે માટે ભણવાનું નથી. ભણવાની પાછળનો હેતુ કયો છે, તે નિશ્ચિત થવું જોઈએ.

શાસ્ત્રકાર ભગવંતો અનેક ઠેકાણે લખી ચૂક્યા છે કે - નવ - નવ પૂર્વનું જ્ઞાન મેળવ્યું હોય, પણ જો સમ્યગ્દર્શન ન હોય તો તે અજ્ઞાની છે. જ્યારે માત્ર અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન ધરાવતો સમ્યગ્દર્શન યુક્ત આત્મા હોય તો તે જ્ઞાની છે. અહીં અષ્ટ પ્રવચન માતા મોક્ષના કારણ તરીકે હોવાથી જ તેને જ્ઞાની ગણાવ્યો છે. અષ્ટ પ્રવચન માતાનું પાલન કરે તે મુનિ છે. પ્રવચન માતા વારંવાર મોક્ષની યાદ અપાવે છે. મોક્ષના સાધનભૂત પદની વારંવાર ભાવના કરવાની છે. આવી ભાવનાને ભાવનાજ્ઞાન તરીકે વર્ણવ્યું છે.

અહીં ભાવનાજ્ઞાન જે કહેવામાં આવ્યું છે. તેનાથી ત્રણ પ્રકારનું જ્ઞાન સમજવાનું છે. ૧.શ્રુતજ્ઞાન, ૨.ચિંતાજ્ઞાન અને ૩. ભાવનાજ્ઞાન, એમાં ભાવનાજ્ઞાનનો ત્રીજો નંબર છે. ત્રણેને સમજવાનો પ્રયત્ન કરીએ.

**૧.શ્રુતજ્ઞાન :** શાસ્ત્રોનાં શ્રવણ કે વાંચનથી થતું કદાગ્રહ રહિત વાક્યાર્થ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. આ જ્ઞાનમાં જે - તે શાસ્ત્રનાં વચનો પર ચિંતન-મનન હોતું નથી. આમાં કોઈ કદાગ્રહ પણ નથી. વાક્યના સામાન્ય અર્થ સુધી જ આ જ્ઞાન સીમિત હોય છે. તેના ઉપર ચિંતન-મનન ન હોવાના કારણે વિશેષ બોધ હોતો નથી. મહાવાક્યાર્થ કે ઐદંપર્યાર્થની તેને કલ્પના નથી. શબ્દ, વાક્યાદિના સામાન્ય અર્થને પકડીને ચાલે છે. તે વાક્યાદિનો ઊંડો બોધ નથી હોતો. વિશિષ્ટ ક્ષયોપશમના અભાવે અથવા તેવી સામગ્રી ન મળવાના કારણે ચિંતન વગેરેની ભૂમિકા સુધી તે પહોંચી શકતા નથી. આ જ કારણે માત્ર શ્રુતજ્ઞાનવાળા જીવના તે જ્ઞાનને કોઠીમાં રહેલાં બીજ સમાન ગણાવેલ છે. કોઠીમાં રહેલાં બીજમાં ફળ આપવાની ક્ષમતા હોવા છતાં, તેને યોગ્ય ભૂમિ, હવા, પાણી વગેરે ન મળતાં પાક (ફળ) ની પ્રાપ્તિ થતી નથી. એ જ રીતે આ જ્ઞાનમાં ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાનરૂપ ફળની શક્તિ તો હોય છે પરંતુ તેને જરૂરી સામગ્રી મળતી નથી. તેના કારણે ફળ પ્રાપ્ત થતું નથી.

આવા શ્રુતજ્ઞાનમાં હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરાવવાની ક્ષમતા હોતી નથી. માત્ર શ્રુતજ્ઞાન હોવાથી (ચિંતા-ભાવનાજ્ઞાન ન હોવાથી) તે જીવને પ્રવૃત્તિ-નિવૃત્તિનો લાભ મળતો નથી. માટે જ આ શ્રુતજ્ઞાનને શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મ.રચિત ધર્મબિંદુ ગ્રંથમાં ઉપરાગમાત્ર તરીકે ગણાવ્યું છે. ઉપરાગનો મતલબ છે, પાસે-બાજુમાં રહેલા પદાર્થથી વસ્તુનું અન્ય સ્વરૂપે દેખાવું. જેમ કે - સ્ફટિકની બાજુમાં જપાદિનું ફૂલ મૂકવામાં આવે તો તે ફૂલનો રંગ સ્ફટિક-મણિમાં દેખાય છે, પરંતુ તે મણિનો મૂળભૂત રાગ-રંગ નથી. આને ઉપરાગ કહેવાય છે. તે રંગના કારણે મણિ તે રંગભૂત બની જતો નથી. જપાદિનું ફૂલ હટાવી લેતાં જ તે સ્વાભાવિક સ્વરૂપમાં આવી જાય છે. મતલબ, તે સ્ફટિકમણિ પુનઃ પારદર્શકરૂપ ધારણ કરી લે છે.

આવા શ્રુતજ્ઞાનવાળા જીવને માત્ર બાહ્ય બોધ હોય છે. અંદરની પરિણતિ હોતી નથી. આ બાહ્યબોધથી તે જીવને અહિતથી નિવૃત્તિ થતી નથી. પરિણતિ ન હોવાના કારણે આત્માના વાસ્તવિક હિતાહિતની પ્રવૃત્તિ - નિવૃત્તિનો બોધ નથી. બાહ્ય બોધવાળો જીવ પોતાના આત્માને કેન્દ્રસ્થાને રાખીને પ્રવૃત્તિ કરતો નથી. હા, તે કદાગ્રહવાળો ન હોવાથી તેને યોગ્ય સમજ આપનાર વગેરે અનુકૂળતા મળી જાય તો તે આગળનાં જ્ઞાનના માર્ગે પ્રગતિ કરી શકે છે. સ્વયં કોઠીમાં રહેલ બીજ જેવા જ્ઞાનવાળો હોવાથી સામગ્રી ન મળતાં આગળ વધી શકતો નથી.



આ ગાથાનું અર્થઘટન એવું નથી કરવાનું કે - વધારે ન ભણવું. **આત્મગુણોની પ્રાપ્તિ-વૃદ્ધિ-શુદ્ધિ માટે શ્રુતજ્ઞાન ખૂબ જરૂરી છે.** મોટા ભાગના જીવો અધિગમથી (ઉપદેશશ્રવણાદિથી) સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનારા હોય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને સ્થિરતા માટે એટલે કે શ્રદ્ધાને મજબૂત બનાવવા માટે ષટ્દર્શન (વિવિધધર્મો) નોય અભ્યાસ કરવાની વાત શાસ્ત્રકારોએ કરી છે. કાશ ! છ દર્શનના અભ્યાસ પૂર્વે સ્વશાસ્ત્ર એટલે કે - પોતાના જૈન આગમાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો છે. એ જ્ઞાન મેળવ્યા પછી પાત્રતા હોય ને ગુરુભગવંતોની અનુમતિ હોય તો જ અન્ય દર્શનોના ગ્રંથો વાંચવા - ભણવાના છે, બાકી નહીં.

સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, સંવેગ, નિર્વેદ, આસ્તિકતા, ક્ષમા, કરુણાદિ ગુણો છે. તેની સાચી જાણકારી જ્ઞાન વગર મળી શકતી નથી. **ગુણોના બોધ વિના ગુણપ્રાપ્તિ કઈ રીતે થઈ શકે ? પ્રાપ્તિ થયા પછી તેની શુદ્ધિ - વૃદ્ધિ માટેની સાવધાની તથા પુરુષાર્થની દિશા શ્રુતજ્ઞાનના માધ્યમથી જ મળે છે.** તેથી જ્ઞાન તો ખૂબ જ ભણવાનું છે એટલે અહીં જે કહેવાયું છે કે વધારે ભણવાનો આગ્રહ નથી, તે સાપેક્ષભાવે કથન છે. વળી, આ કથન પાછળ ભાવનાજ્ઞાનની પ્રધાનતા બનાવવાનું પણ ધ્યેય છે. ભાવનાજ્ઞાન થોડું હોય તોય ઘણું કામ આપે છે, ભાવનાજ્ઞાનવાળો બોધ જ વાસ્તવિક બોધ છે. ભાવનાજ્ઞાન સાથેની થોડી પણ ક્રિયા મુક્તિને શીઘ્ર આપવા સમર્થ છે.

ચિલાતીપુત્રને 'ઉવસમ-વિવેગ-સંવર' આટલા શબ્દો (પદો) કલ્યાણની પ્રાપ્તિ કરાવનારા થયા. શ્રુતજ્ઞાન કરતાં ચિંતાજ્ઞાન અને ચિંતાજ્ઞાન કરતાં ભાવનાજ્ઞાન-આગળ-આગળ ગણાય છે. તેની તાકાત વધારે છે. આગળ-આગળનાં જ્ઞાનમાં ઊંડાણ અને બોધ વધારે અને સ્પષ્ટ છે. ભાવનાજ્ઞાનમાં પદાર્થનો અતિસ્પષ્ટ, રહસ્ય યુક્ત બોધ હોવાના કારણે તત્ત્વની પરિણતિ બને છે. પરિણતિ એનાથી જ ઘડાય છે. પરિણતિ ઘડાયા બાદ જ વાસ્તવિક (પૂર્ણ) પરિણામ મેળવી શકાય છે. ભાવનાજ્ઞાનમાં વસ્તુના સૌંદર્ય સુધીનો બોધ હોય છે. તે - તે પદાર્થ - તત્ત્વનાં રહસ્યો સુધી જીવ પહોંચેલો હોય છે. આ જ્ઞાન જ સ્વયંને તારવા સમર્થ બને છે. પરને બોધ કરાવવા માટે ભલે શ્રુતજ્ઞાન ગમે તેટલું હોય... સાચી વ્યક્તિના મગજમાં તમામ તત્ત્વોની વાત ઉતારી દેતો હોય પણ પોતાની આત્મ પરિણતિ બનતી ન હોવાથી અંતિમ લક્ષ્ય સિદ્ધ થઈ શકતું નથી.

એ માટે જ જ્ઞાનપદ પૂજાની ઢાળમાં લખવામાં આવ્યું છે કે - 'જ્ઞાની જ્ઞાનતણી

પરિણતિ થકી, પામે ભવ-જલ કૂલ રે...' **જ્ઞાની ગમે તેટલું જ્ઞાન ભણ્યો હોય... પરંતુ તેનો સ્પર્શ અંતરમનને ન થયો હોય... અંતરમાં પરિણતિનું નિર્માણ ન થયું હોય... તો એ જીવનો નિસ્તાર થતો નથી.**

આત્મકલ્યાણ માટે તો પરિણતિ જ ફળ આપવા સમર્થ બને છે. માટે જ કહેવાયું કે - જ્ઞાની જીવ પરિણતિ યુક્ત બને ત્યારે જ તે ભવ-જલ કૂલ અર્થાત્ સંસારરૂપ સમુદ્રના કૂલ-કિનારે પહોંચી શકે છે. અર્થાત્ સંસારથી પાર ઊતરી શકે છે. મોક્ષ સહેલાઈથી પ્રાપ્ત થતો નથી. શ્રુતજ્ઞાન ભણ્યા પછી તેના ઉપર ચિંતન-મનન અને નિદિધ્યાસન થવું જોઈએ. ચિંતન-મનન થયા વગર યોજના તૈયાર ન થાય. **મોહને મારવા માટે અને આત્માને તારવા માટે વિશિષ્ટ યોજના બનાવવી જરૂરી છે.** અનાદિ કાળથી મોહે જીવ ઉપર પગદંડો જમાવ્યો છે. પોતાના સકંજામાં જીવને લીધો છે. મોહક માયાજાળમાં ફસાવ્યો છે. આની સામે યુદ્ધ ખેલવું હોય, વિજય પ્રાપ્ત કરવો હોય તો સામાન્ય યોજના કે સામાન્ય પુરુષાર્થ કામ નહીં આવે.

એક સામાન્ય વ્યક્તિ ઉપર વિજય મેળવવાય કંઈ-કેટલીય વ્યૂહરચના કરવી પડે છે. કઈ રીતે તે દુશ્મનને ફસાવવો, તેના પર કઈ રીતે ફત્તેહ મેળવવી, તે વિચારવું પડે છે. અહીં તો અનાદિકાળથી જીવની પાછળ પડેલા અનેક દુશ્મનોને એક સાથે જેર કરવાના છે. બધાની સામે એકલમલ્લની જેમ યુદ્ધ ખેલવાનું છે. તો કેટલા વિશિષ્ટ પ્લાનિંગ સાથે ઝઝૂમવું પડશે...! જો એ યોજનાબદ્ધ રીતે આગળ ન વધે તો અનંતી વાર જીવ હાર્યો તેમ હાર જ હાથ લાગશે, વિજયની વરમાળા કંઠે પહેરવા નહીં મળે. વળી, એ જ ગુલામી લમણે ઝિંકાશે.

શ્રુતજ્ઞાન પછી ચિંતાજ્ઞાન આવે છે. ચિંતાજ્ઞાનની વ્યાખ્યા બાંધતાં શાસ્ત્રકાર ભગવંત લખે છે કે - જે વાંચ્યા કે સાંભળ્યા પછી (શ્રુતજ્ઞાન પ્રાપ્ત કર્યાબાદ) અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિપૂર્વક તેના પર ચિંતન કરવાથી થતું જ્ઞાન તે ચિંતાજ્ઞાન છે. આ જ્ઞાન વાક્યાર્થથી આગળ મહાવાક્યાર્થરૂપ ગણાય છે.

આ ચિંતાજ્ઞાનને જલમાં પડેલા તેલના બિંદુની ઉપમા આપી છે. જેમ તેલનું બિંદુ પાણીમાં પડ્યા પછી એક જ જગ્યાએ ન રહેતાં પાણીની સપાટી પર પ્રસરી જાય છે, વ્યાપી જાય છે તે જ રીતે આ ચિંતાજ્ઞાન સૂત્ર-અર્થરૂપ પાણીમાં વ્યાપી જાય છે. આનો અર્થ એ છે કે - જે વિષયનું ચિંતા જ્ઞાન થાય છે, તે વિષયનો બોધ સૂક્ષ્મ બની જાય છે. બોધ ઊંડો અને વ્યાપક બનતો જાય છે.



કોઈ પણ પદાર્થનો ઊંડો બોધ મેળવવો હોય તો તેના પર ચિંતન જરૂરી છે. ચિંતનના અભ્યાસથી ધ્યાન પણ સરળ બની જાય છે. **ધ્યાનશતક નામના ગ્રંથમાં ધ્યાનની વ્યાખ્યા કરતાં કહ્યું જ છે કે - તે - તે પદાર્થાદિનું એકાગ્રપણે ચિંતન તે ધ્યાન છે.** ચિંતન વિના ધ્યાન ક્યાંથી થઈ શકે ? ધ્યાન માટે ચિંતન અને એકાગ્રતા બંને જરૂરી છે. ચિંતન હોય પરંતુ એકાગ્રતા ન હોય તો વારંવાર ધ્યાનભંગ થાય છે.

બીજી ગાથામાં બતાવેલું જ્ઞાન ભાવનાજ્ઞાન છે. મહાવાક્યાર્થ થયા બાદ જે - તે વિષયના તાત્પર્ય - રહસ્ય - ઐદંપર્યનું જ્ઞાન તેને ભાવનાજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન આવ્યા પછી વિધિ વગેરેનો અતિશય આદર થાય છે. આ જ્ઞાનને જાતિવંત અશુદ્ધરત્નની કાંતિ સમાન ગણાવ્યું છે. જેમ શ્રેષ્ઠ રત્ન જ્યારે ખાણમાં હોય અથવા ખાણમાંથી નીકળ્યા પછી હજી આગળની કોઈ વિધિ તેના પર થઈ ન હોય ત્યારે પણ તે અન્ય રત્નોથી વધારે તેજથી દેદીપ્યમાન હોય છે.

આ ભાવના જ્ઞાન ; અશુદ્ધ રત્ન સમાન ભવ્ય જીવ કર્મના યોગે મલિન હોવા છતાં બાકીનાં જીવોનાં શ્રુતાદિ જ્ઞાનોથી અધિક પ્રકાશવાળું હોય છે. આવા જ્ઞાન પૂર્વક જો ક્રિયા કરવામાં આવે તો તે શીઘ્ર મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે. ભાવનાજ્ઞાનથી પદાર્થોનું જેવું જ્ઞાન થાય છે. તેવું અન્ય - શ્રુતજ્ઞાનાદિથી થતું નથી. કહેવાનો આશય એ છે કે શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન ઉત્તરોત્તર ચઢિયાતાં જ્ઞાન છે.

ભાવનાજ્ઞાન જેની પાસે હોય તેને આગમાદિ શાસ્ત્રોનું એક-એક વાક્ય કે એક-એક, પદ મોક્ષ આપવા સમર્થ બને છે. ત્યારે જ તો **મહાનિશીથમાં જણાવ્યું છે કે - એક નવકારના સહારે પણ કેવલજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત કરનારા અનંત જીવો થઈ ગયા ! એક સામાયિક પદમાત્રથી પણ એટલે કે સામાયિકપદના ભાવનાજ્ઞાનથી પણ અનંતા જીવો મુક્તિપદના ભોક્તા બન્યા છે !**

અઈમત્તા મુનિ પણ ઈરિયાવહીના 'દગ-મટ્ટી' શબ્દના આધારે ભાવના કરતાં (ભાવનાજ્ઞાનના સહારે) જ કેવળજ્ઞાન પામ્યા હતા, ભાવનાને ભવોદધિજહાજ ગણાવી છે. ભવસાગરને તરવા માટે તે જહાજતુલ્ય છે.

પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાઓ, અનિત્યાદિ બાર ભાવનાઓ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ પણ આવા ભાવનાજ્ઞાનના માધ્યમરૂપ જ ગણાયને ? ભાવનાની સાથે તેને અનુરૂપજ્ઞાન (ચિંતન-મનન-નિદિધ્યાસન) જોડાય ત્યારે તે ભાવનાજ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે છે. (વધુ આવતા અંકમાં) ધ

# તપ-નિયમથી કલ્યાણ

**तव-नियमसुट्ठियाणं, कल्लाणं जीविअं पि मरणं पि ।**
**जीवंति जइ गुणा, अज्जिणंति सुगइं उविंति मया ।।४४३।।**

તપ અને નિયમથી સારી રીતે રંગાયેલા જીવોને જીવન અને મરણઃ બંને કલ્યાણરૂપ થાય છે. જીવતાં ગુણવૃદ્ધિનો લાભ થાય છે. મૃત્યુ પછી સદ્‌ગતિમાં જાય છે. મતલબ, તેને જીવન રહે કે મૃત્યુ આવે તોય ચિંતા રહેતી નથી. કારણ, અહિત તો થવાનું જ નથી.